CMYK

RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ મહા સુદ -૬ | શનિવાર, તા.૨૪-૦૧-૨૦૨૬ | અંક : ૨૨ વર્ષ : ૨૧ | jamnagar@aaspassaindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

# ભારતનું ઈરાનને ખુલ્લું સમર્થન : નિંદા પ્રસ્તાવ નકાર્યો

## ઈરાનમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો અને માનવાધિકારના મુદ્દે પશ્ચિમી દેશો દ્વારા લાવવામાં આવેલા નિંદા પ્રસ્તાવનો ભારતે કર્યો વિરોધ

નવી દિલ્હી

ઈરાનમાં ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો અને માનવાધિકારના મુદ્દે પશ્ચિમી દેશો દ્વારા લાવવામાં આવેલા નિંદા પ્રસ્તાવનો ભારતે સખત વિરોધ કર્યો છે. ભારત આ વખતે પ્રસ્તાવથી દૂર નથી રહ્યું પરંતુ તેની વિરુદ્ધમાં વોટ આપીને અમેરિકા અને યુરોપિયન યુનિયનને ચોંકાવી દીધા છે.

આ મતદાન પ્રસ્તાવ સંખ્યા છ/ઝ્રૐઇઝ/જી-૩૯/ન.૧ પર થયું હતું. જેનો હેતુ ઈરાનમાં ડિસેમ્બર ૨૦૨૫થી શરૂ થયેલા દેશવ્યાપી વિરોધ પ્રદર્શનો પર ઈરાન સરકારની કાર્યવાહીની નિંદા કરવાનો અને તેની આંતરરાષ્ટ્રીય તપાસ કરાવવાનો હતો. યુએન હાઈ કમિશનર વોલ્કર તુર્કે આને 'ક્રૂર દમન' ગણાવી તપાસની માંગ કરી હતી.



સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદના ૩૯મા વિશેષ સત્રમાં થયેલા આ મતદાનના પરિણામોએ વૈશ્વિક સ્તરે સ્પષ્ટ વિભાજન દર્શાવ્યું છે. જેમાં ફ્રાન્સ, જર્મની, જાપાન, યુકે, મેક્સિકો અને દક્ષિણ કોરિયા જેવા ૨૫ પશ્ચિમી અને અન્ય દેશોએ પ્રસ્તાવની પક્ષમાં (YES) વોટ આપ્યો હતો. તેની સામે ભારત, ચીન, પાકિસ્તાન, ઈન્ડોનેશિયા, ઈરાક, વિયેતનામ અને ક્યુબા સહિતના ૦૭ દેશોએ પ્રસ્તાવનો સખત વિરોધ કરતા વિરોધમાં (ર્દ્ગ) મતદાન કર્યું હતું. જ્યારે બ્રાઝિલ, દક્ષિણ આફ્રિકા અને બાંગ્લાદેશ જેવા ૧૪ દેશો આ પ્રક્રિયાથી અલિપ્ત રહીને તટસ્થ રહ્યા હતા.સામાન્ય રીતે ભારત આંતરરાષ્ટ્રીય મંચ પર આવા મુદ્દાઓ પર 'તટસ્થ' રહેવાની નીતિ અપનાવતું હોય છે, પરંતુ આ વખતે ઈરાનના મુદ્દે સીધો વિરોધ કરવા પાછળ ભારતની મજબૂત રણનીતિ રહેલી છે. ભારતે આ પગલા દ્વારા સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે તેની વિદેશ નીતિ સંપૂર્ણપણે સ્વતંત્ર છે અને તે પશ્ચિમી દેશોના કોઈ પણ પ્રકારના દબાણ વગર પોતાના રાષ્ટ્રીય હિતોના આધારે નિર્ણય લેશે.

# તેહરાન પરના કોઈપણ હુમલાને પૂર્ણ યુદ્ધ ગણવામાં આવશે : ઈરાન

## અમેરિકાએ યુદ્ધ જહાજો રવાના કરતા ઈરાનની ટ્રમ્પને કડક ભાષામાં ચેતવણી

તેહરાન

ઈરાને યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને કડક ચેતવણી આપી કહ્યું છે કે, તે તેહરાન પરના કોઈપણ હુમલાને "પૂર્ણ યુદ્ધ" ગણશે. ઈરાને એમ પણ કહ્યું છે કે આવી સ્થિતિમાં, તે શક્ય તેટલો મજબૂત જવાબ આપશે. આ ચેતવણી એવા સમયે આવી છે જ્યારે ટ્રમ્પે જાહેરાત કરી છે કે હિંસાગ્રસ્ત મધ્ય પૂર્વીય દેશમાં યુએસ યુદ્ધ જહાજોનો મોટો કાફલો મોકલવામાં આવી રહ્યો છે.

એક વરિષ્ઠ ઈરાની અધિકારીએ જણાવ્યું હતું કે આયાતુલ્લા અલી ખામેનીના નેતૃત્વ હેઠળની સરકાર અમેરિકા તરફથી સતત લશ્કરી ધમકીઓનો તમામ શક્ય માધ્યમોથી જવાબ આપશે. અધિકારીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે હુમલો મર્યાદિત હોય, વ્યાપક હોય કે કોઈપણ નામ હેઠળ કરવામાં આવે, ઈરાન તેને સંપૂર્ણ યુદ્ધ ગણશે. ઈરાની અધિકારીએ કહ્યું, આ વખતે અમે કોઈપણ હુમલાને અમારી સામે સંપૂર્ણ યુદ્ધ ગણીશું અને શક્ય તેટલો મજબૂત જવાબ આપીશું.મીડિયા અહેવાલો અનુસાર, યુએસ એરક્રાફ્ટ કેરિયર અબ્રાહમ લિંકન અને ટોમાહોક મિસાઈલોથી સજજ ત્રણ વિનાશક જહાજો મધ્ય પૂર્વમાં મોકલવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત, યુએસ એરફોર્સે આ પ્રદેશમાં એક ડઝન ફાઈટર જેટ પણ તૈનાત કર્યા છે.અગાઉ યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને ધમકી આપતા કહ્યું હતું કે યુએસ ઈરાન પર નજીકથી નજર રાખી રહ્યું છે.

# આઠમાં પગારપંચના અમલ પહેલા નાણાકીય ક્ષેત્રના કર્મચારીઓના પગારમાં કરાયો વધારો

## પબ્લિક સેક્ટર જનરલ ઈન્શ્યોરન્સ કંપનીઓ, નાબાર્ડ અને રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના કર્મચારીઓ તેમજ પેન્શનર્સ માટે પગાર અને પેન્શન વધારાને નાણાં મંત્રાલયની મંજૂરી

નવી દિલ્હી

કેન્દ્ર સરકારે પબ્લિક સેક્ટર જનરલ ઈન્શ્યોરન્સ કંપનીઓ, નાબાર્ડ અને રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના કર્મચારીઓ તેમજ પેન્શનર્સ માટે પગાર અને પેન્શન વધારાને મંજૂરી આપી દીધી છે. નાણા મંત્રાલયના નિર્ણયથી નાણાકીય ક્ષેત્રના કર્મચારીઓના મનોબળમાં વધારો થશે અને નિવૃત્ત લોકોની સામાજિક સુરક્ષા વધુ મજબૂત બનશે.કેન્દ્ર સરકાર દ્વારા પબ્લિક સેક્ટર જનરલ ઈન્શ્યોરન્સ કંપનીઓના કર્મચારીઓના હિતમાં એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે, જે અંતર્ગત તેમના પગારમાં કરવામાં આવેલો ફેરફાર ૧ ઓગસ્ટ, ૨૦૨૨થી અમલી ગણાશે. આ સુધારાના પરિણામે કંપનીઓના કુલ પગાર બિલમાં ૧૨.૪૧%નો વધારો થશે, જેમાં ખાસ કરીને મૂળ પગાર અને મોંઘવારી ભથ્થામાં ૧૪% સુધીનો વધારો સામેલ છે. સરકારના આ પગલાથી આશરે ૪૩,૨૪૭ કર્મચારીઓને સીધો આર્થિક ફાયદો થશે.કેન્દ્ર સરકાર દ્વારા રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના નિવૃત્ત કર્મચારીઓ માટે પેન્શન અને ફેમિલી પેન્શનમાં નોંધપાત્ર સુધારો કરવામાં આવ્યો છે, જે ૧ નવેમ્બર ૨૦૨૨થી અમલી બનશે. આ ફેરફાર હેઠળ બેઝિક પેન્શન અને મોંઘવારી રાહત પર ૧૦%નો વધારો મંજૂર કરવામાં આવ્યો છે, જેના કારણે નિવૃત્ત કર્મચારીઓના મૂળ પેન્શનમાં ૧.૪૩ ગણો વધારો જોવા મળશે. આ નિર્ણયથી કુલ ૩૦,૭૬૯ લોકોને ફાયદો થશે. આ વધારા પાછળ સરકાર અંદાજે ૨,૬૯૬.૮૨ કરોડ રૂપિયાનો કુલ નાણાકીય ખર્ચ કરશે, જેમાં કર્મચારીઓને બાકી નીકળતા એરિયસ પેટે ૨,૪૮૫.૦૨ કરોડ રૂપિયાની એકીસાથે ચૂકવણી કરવામાં આવશે.નાબાર્ડના કર્મચારીઓ અને પેન્શનર્સ માટે સરકારે ખુશીના સમાચાર આપતા પગારમાં ૨૦% સુધીનો મોટો વધારો મંજૂર કર્યો છે, જે ૧ નવેમ્બર, ૨૦૨૨થી અમલી ગણાશે. આ નિર્ણય હેઠળ બેન્કના ગ્રુપ એ.,બી.,અને સી. કેટેગરીના તમામ કર્મચારીઓના પગાર અને ભથ્થામાં વધારો કરવામાં આવશે. આ ઉપરાંત, પેન્શનર્સ માટે પણ મહત્ત્વનો સુધારો કરતા જણાવાયું છે કે, જે કર્મચારીઓ ૧ નવેમ્બર, ૨૦૧૭ પહેલા નિવૃત્ત થયા હતા, તેમના પેન્શનમાં ફેરફાર કરીને હવે તેમને પૂર્વ-આર.બી.આઈ. નાબાર્ડ નિવૃત્ત કર્મચારીઓની સમકક્ષ લાવવામાં આવ્યા છે. આ પગલાથી વર્તમાન કર્મચારીઓની સાથે હજારો નિવૃત્ત લોકોને પણ મોટો આર્થિક લાભ મળશે.

# પાકિસ્તાનમાં લગ્ન પ્રસંગમાં થયેલા આત્મઘાતી હુમલામાં પાંચ લોકોના મોત

## ખૈબર પખ્તુનખ્વામાં શાંતિ સમિતિ સદસ્યના ઘરે લગ્ન સમારંભ દરમિયાન થયેલા હુમલામાં ૧૦ લોકોને ઈજા

ખૈબર પખ્તુનખ્વા

પાકિસ્તાનના ઉત્તર પશ્ચિમી વિસ્તાર ખૈબર પખ્તુનખ્વામાં એક શાંતિ સમિતિ સદસ્યના ઘરે લગ્ન સમારંભ દરમિયાન એક આત્મઘાતી હુમલો થયો, આ હુમલામાં ૫ લોકોના મોત થયા જ્યારે ૧૦થી વધુ લોકો ઘાયલ થયા, ડેરા ઈસ્માઈલ ખાન જિલ્લાના પોલીસ અધિકારીએ પુષ્ટિ કરી કે, આ એક આત્મઘાતી બોમ્બ હુમલો હતો, જે કુરેશી મોડ પાસે શાંતિ સમિતિના પ્રમુખ નૂર આલમ મહેસુદના ઘરે લગ્ન પ્રસંગ દરમિયાન થયો. હુમલા સમયે મહેમાનો નાચગાન કરી રહ્યા હતા. વિસ્ફોટ એટલો ભયાનક હતો કે રૂમની છત તૂટી પડી હતી, જેના કારણે બચાવકાર્ય મુશ્કેલ બન્યું હતું. ઘણા લોકો તેની નીચે દબાયેલા હતા. જિલ્લાની મુખ્ય હોસ્પિટલમાં ઈમરજન્સીની ઘોષણા કરી દેવામાં આવી હતી.'મહિનાની શરૂઆતમાં ખૈબર પખ્તુનખ્વામાં હથિયારધારી હુમલાખોરોએ શાંતિ સમિતિના ચાર સભ્યોની હત્યા કરી હતી, નવેમ્બર ૨૦૨૫માં ખૈબર પખ્તુનખ્વાના બન્નું જિલ્લામાં એક શાંતિ સમિતિના કાર્યાલય પર હુમલો કરવામાં આવ્યો હતો જેમાં સાત લોકો માર્યા ગયા હતા.

ખૈબર પખ્તુનખ્વા રેસ્ક્યૂ ૧૧૨૨ના પ્રવક્તાએ કહ્યું છે કે ૫ મૃતદેહ અને ૧૦ ઘાયલોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું કે ઘટનાની સૂચના મળતા જ સાત એમ્બ્યુલન્સ અને એક ફાયર વિભાગની ટીમ રવાના કરી દેવામાં આવી હતી. બચાવકાર્ય હાલ પ્રગતિ પર છે. અધિકારીઓએ વિસ્તારને ઘેરી લીધો છે તેમજ ગહન તપાસ શરૂ કરી દેવામાં આવી છે. પ્રાથમિક તપાસ મુજબ શાંતિ સમિતિના નેતા મૃતકોમાં વહિદુલ્લા મહેસૂદ ઉર્ફે જીગરી મહેસૂદનો પણ સમાવેશ થાય છે.

# ભારત અને અમેરિકા વચ્ચે હકારાત્મક વાતચીત દ્વારા ટેરિફમાં ઘટાડો થઈ શકે : સ્કોટ બેસન્ટ

## ભારત પર દ્વિસ્તરીય ટેરિફ માળખાથી અમેરિકાને ફાયદો થયો હોવાનો દાવો

વોશિંગ્ટન

ભારત પર લડવામાં આવેલ ટેરિફ અંગે સ્કોટ બેસેન્ટે સંકેત આપ્યો છે કે આગામી સમયમાં ભારત પર લાદવામાં આવેલ ૨૫% ટેરિફ પાછો ખેંચાઈ શકે છે.અમેરિકાના ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટે ભારત પર લાદવામાં આવેલા ૨૫% ટેરિફને લઈને એક મહત્ત્વનું નિવેદન આપ્યું છે. તેમણે આ ટેરિફ વ્યૂહરચનાને અમેરિકા માટે 'અત્યંત સફળ' ગણાવી છે, કારણ કે આ દબાણ બાદ ભારત દ્વારા રશિયા પાસેથી કરવામાં આવતી તેલની ખરીદીમાં મોટો ઘટાડો નોંધાયો છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે, બેસેન્ટે હવે આ ટેરિફ હટાવવા તરફ ઈશારો કર્યો છે.અમેરિકાએ હાલમાં ભારત પર દ્વિ-સ્તરીય ટેરિફ માળખું અમલમાં મૂક્યું છે, જેના કારણે ભારતીય નિકાસકારો પર મોટો આર્થિક બોજ પડ્યો છે. આ અંતર્ગત સૌપ્રથમ ૨૫% સામાન્ય ટેરિફ લાદવામાં આવ્યો છે, જે ભારતની કુલ નિકાસના અંદાજે ૫૫% હિસ્સાને અસર કરે છે. આ ઉપરાંત, રશિયા પાસેથી તેલની ખરીદી ઘટાડવા માટે ભારત પર દબાણ લાવવાના હેતુથી ઓગસ્ટ ૨૦૨૫થી વધારાનું ૨૫% 'ઓઈલ પેનલ્ટી ટેરિફ' અમલી બનાવવામાં આવ્યું છે. આમ, આ બંને ટેરિફના સંયોજનને કારણે ભારતથી અમેરિકા મોકલવામાં આવતી ઘણી મહત્ત્વની વસ્તુઓ પર અત્યારે કુલ મળીને ૫૦% જેટલો જંગી ટેરિફ લાગુ છે.

# કોઈએ અમને રાષ્ટ્રવાદ પર વ્યાખ્યાન આપવાની જરૂર નથી : સ્ટાલિન

## વિધાનસભામાં રાષ્ટ્રગીત વગાડવા મામલે રાજ્યપાલ સાથેના વિવાદ પર સીએમ સ્ટાલિને આકરા પ્રહારો કર્યા

ચેન્નાઈ

તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિને આજે જણાવ્યું હતું કે, રાજ્યપાલ આરએન રવિ વિધાનસભાના સંયુક્ત સત્રમાં કેબિનેટ દ્વારા મંજૂર કરાયેલ ભાષણ વાંચીને રાજ્યપાલના પદનો અનાદર કરી રહ્યા છે. સીએમ સ્ટાલિને તમિલનાડુ વિધાનસભામાં રાજ્યપાલની ટીકા કરી હતી. તાજેતરમાં, જ્યારે તમિલનાડુ વિધાનસભાના સંયુક્ત સત્રની શરૂઆતમાં રાષ્ટ્રગીત વગાડવામાં આવ્યું ન હતું, ત્યારે રાજ્યપાલ સત્રને સંબોધિત કર્યા વિના ગૃહ છોડી ગયા હતા, જેનાથી મોટો વિવાદ થયો હતો.

આ મુદ્દા પર બોલતા સીએમ સ્ટાલિને કહ્યું, રાજ્યપાલ સરકાર વિરુદ્ધ કામ કરી રહ્યા છે. તેઓ વારંવાર એક જ મુદ્દા પર વાંધો ઉઠાવે છે અને પછી ગૃહ છોડી દે છે. મને દેશ અને રાષ્ટ્રગીત પ્રત્યે ઊંડો આદર છે. કોઈને રાષ્ટ્રવાદ પર આપણને વ્યાખ્યાન આપવાની જરૂર નથી. વિધાનસભા સત્રની શરૂઆતમાં તમિલ થાઈ વઝ્રાથુ અને અંતે રાષ્ટ્રગીત ગાવાની પરંપરા રહી છે. મુખ્યમંત્રીએ કહ્યું, દ્રવિડ મોડેલ સરકારની સિદ્ધિઓને કારણે તમિલનાડુ પોતાનું માથું ઉંચુ રાખે છે. તમિલનાડુએ અન્ય રાજ્યો કરતાં વધુ વિકાસ કર્યો છે. તેનું કારણ અમારી યોજનાઓ છે. એક પછી એક સફળતા મેળવવી એ ડીએમકે સરકારની ઓળખ છે.

રાજ્યપાલ અંગે મુખ્યમંત્રીએ કહ્યું, હું આ સંકટનો સામનો કરી રહ્યો છું, પરંતુ મારા પુરોગામી, સીએન અન્નાદુરાઈ, એમ કરુણાનિધિ, એમજી રામચંદ્રન અને જે જયલલિતાએ આ સંકટનો સામનો કર્યો ન હતો.

# મુંબઈના ઓશિવારા હાઈ પ્રોફાઈલ ફાયરિંગ કેસમાં અભિનેતા કમાલ આર ખાનની કરાઈ ધરપકડ

મુંબઈ,

મુંબઈના ઓશિવારા વિસ્તારમાં થયેલા ફાયરિંગના હાઈ-પ્રોફાઈલ કેસમાં અભિનેતા કમાલ આર ખાનની ઓશિવારા પોલીસે સત્તાવાર રીતે ધરપકડ કરી છે. પોલીસના જણાવ્યા અનુસાર, કમાલ આર ખાનને આજે કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

કમાલ આર ખાનનું નિવેદન નોંધવામાં આવ્યું છે, જેમાં તેણે કબૂલ્યું છે કે ફાયરિંગ તેના જ હથિયારથી થયું હતું. જોકે, ખાને દાવો કર્યો છે કે આ હથિયાર લાયસન્સવાળું છે. પોલીસ હાલ આ દાવાની ચકાસણી કરી રહી છે. શંકાસ્પદ હથિયારને ઓશિવારા પોલીસે જપ્ત કરી લીધું છે અને તેનાથી સંબંધિત દસ્તાવેજોની તપાસ કરવામાં આવી રહી છે.

આ કેસની તપાસ માટે ઓશિવારા પોલીસ સ્ટેશનની ૧૮ સભ્યોની ટીમની સાથે ક્રાઈમ બ્રાન્ચની ઘણી ટીમો પણ લાગેલી હતી. શરૂઆતમાં, પોલીસને સીસીટીવી ફૂટેજમાંથી કોઈ નક્કર પુરાવા મળ્યા ન હતા. આ પછી, ફોરેન્સિક ટીમની મદદથી પોલીસ એ નિષ્કર્ષ પર પહોંચી કે ગોળીઓ સંભવતઃ કમાલ આર ખાનના બંગલાની દિશામાંથી ચલાવવામાં આવી હોઈ શકે છે. તપાસ દરમિયાન, પોલીસે નજીકની નાલંદા સોસાયટીમાંથી બે ગોળીઓ પણ જપ્ત કરી છે, જેમાં એક ગોળી બીજા માળેથી અને બીજી ગોળી ચોથા માળેથી મળી આવી હતી.ઓશિવારા પોલીસના જણાવ્યા અનુસાર, શુક્રવારે મોડી સાંજે કમાલ આર ખાનને પૂછપરછ માટે પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યો હતો.






CMYK